©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] FRIDAY, 08th AUGUST, 2025/SRAVANA 17, 1947 [No. 4927

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

ગાંધીનગર મહાનગરપાલિકા

પંડિત દીનદયાલ ઉપાધ્યાય ભવન, ફાયર સ્ટેશન પાછળ, સેકટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૬

ફોન નં. ૦૭૯ ૨૩૨ ૮૪૧૫૦, ફેકસ નં. ૦૭૦ ૨૩૨ ૨૧૪૧૯

અધિસૂચન

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૪ (વાવોલ-કોલવડા)

ક્રમાંક : ગાં.મ.ન.પા./ટા. પ્લા./૧૭૩૦૭/૨૦૨૫.-આથી લાગતા વળગતા તથા સંબંધકર્તા તમામને જણાવવામાં આવે છે કે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ- ૪૮ (૧) તળે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તા. ૨૮-૧૦-૨૦૨૩ ના રોજ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૪(વાવોલ-કોલવડા) મંજૂરી અર્થે રાજ્ય સરકારને સાદર કરવામાં આવેલ. જાહેરનામાં ક્રમાંક : GH/V/274 of 2025/UDUHD/TPS/e-file/18/2024/8300/L, તા. ૩૦-૦૭-૨૦૨૫ થી રાજ્ય સરકાર દ્વારા સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૪ (વાવોલ-કોલવડા) refuse કરવામાં આવેલ તથા તે જાહેરનામાનીતારીખથી એક મહિનાની અંદરના સમયગાળામાં સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૪૨(૧) તળે પ્રસિદ્ધ કરવા અને ત્યારબાદ વૈધાનિક પ્રક્રિયાનું પાલન કરવા માટે નિર્દેશ આપવામાં આવેલ છે.

આથી, ઉક્ત અનુસંધાને મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૪(વાવોલ-કોલવડા) ની દરખાસ્તોથી અસર પામતા શખ્સોના વાંધા-સુચનો મેળવવા માટે અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૪૨(૧) પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) યોજનાની વિસ્તાર હદ તથા રેવન્યુ સર્વે નંબરો/બ્લોક નંબરો વિગેરે દર્શાવતો નકશો.(નકશા નં.-૧)

(૨) મુળખંડની હદો, નંબરો તથા રેવન્યુ સર્વે નંબરો/બ્લોક નંબરો વિગેરે દર્શાવતો નકશો.(નકશાનં.-૨)

(૩) મુળખંડ તેમજ અંતિમખંડની હદ તથા રસ્તાઓ દર્શાવતો નકશો.(નક્ષા નં.-૩)

(૪) અંતિમખંડની હદ, રસ્તાઓ તથા સતામંડળને જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડોની હદો દર્શાવતો નકશો.(નકશા નં.-૪)

(૫) યોજનામાં સુચવેલ સવલતો દર્શાવતો નકશો.(નકશા નં.-૪/અ)

(૬) મુલ્યાંકન અન્વયે ધ્યાને લીધેલ વેચાણ દર્શાવતો નકશો.(નકશા નં.-૫)

(૭) યોજનાનો ટુંકો ઈતિહાસ અને ટુંકનોંધ.

(૮) ''એફ'' ફોર્મ [પુનઃ વહેંચણી તથા મુલ્યાંકન પત્રક.(નિયમ નં.૨૧ અને ૩૫)]

(૯) યોજનાની નાણાંકીય જોગવાઇઓ દર્શાવતુ પત્રક.(''જી'' ફોર્મ)

(૧૦) યોજનાઓના સુચિત કામોના અંદાજપત્રક.

(૧૧) મુળખંડ તેમજ અંતિમખંડની વિકસીત અને અવિકસીત કિંમતના અંદાજના દર દર્શાવતું પત્રક.

(૧૨) અનુક્રમ નં.૧૧ માં જણાવેલમુલ્યાંકન અંગે ધ્યાને લીધેલ જંત્રીના દર દર્શાવતુ પત્રક.

(૧૩) મુળખંડને અંતિમખંડ ફાળવતા કરવામાં આવેલ જમીનની કપાતની કપાતની ટકાવારી દર્શાવતું પત્રક.

(૧૪) બાંધકામ નિયંત્રણ અંગેના નિયમો.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ-૧૯૭૯, નિયમ નં.૧૮(૨) અન્વયે ઉપરોક્ત અધિસુચન રાજ્ય સરકારના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી એક મહિનાની અંદર સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તથી અસર પામતી/પામેલ કોઇપણ વ્યક્તિ આ યોજનાનાં સંબંધમાં લેખિત વાંધા અને/અથવા સુચનો ''ગાંધીનગર મહાનગરપાલિકા, ટાઉન પ્લાનિંગ શાખા, પંડિત દીનદયાલ ઉપાધ્યાય ભવન, ફાયર સ્ટેશન પાછળ,સેકટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૬'' ની કચેરીમાં લખી જણાવશે, તો તે લેખિત વાંધા/સુચનો ગાંધીનગર મહાનગરપાલિકા, સદરહું યોજનાનો મુસદ્દો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૪૮ હેઠળ રાજ્ય સરકારમાં મંજુરી અર્થે સાદર કરતાં પહેલા ગુણવત્તાના ધોરણે વિચારણામાં લેશે. સદરહુ સમયગાળા દરમિયાન મુસદ્દારૂપ નગર રચના યોજનાની નકલ કચેરી સમય દરમિયાન ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે. તેની નોંધ લેવા વિનંતી છે.

ક્રમાંક : ગાં.મ.ન.પા.ટા.પ્લા./૩૪ (વાવોલ-કોલવડા)/૧૭૩૦૮/૨૦૨૫
તારીખ : ૦૫-૦૮-૨૦૨૫

સરનામું :
ગાંધીનગર મહાનગરપાલિકા
પંડિત દીનદયાલ ઉપાધ્યાય ભવન,
ફાયર સ્ટેશનની પાછળ, સેક્ટર-૧૭,
ગાંધીનગર- ૩૮૨૦૧૬.
ફોન નં. ૦૭૯-૨૩૨-૮૪૧૫૦, ફેક્સ નં. ૦૭૦-૨૩૨-૨૧૪૧૯

જે. એન. વાઘેલા IAS
મ્યુનિસિપલ કમિશ્નર
ગાંધીનગર મહાનગરપાલિકા
ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા

પંડિત દીનદયાલ ઉપાધ્યાય ભવન, ફાયર સ્ટેશન પાછળ, સેકટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૬

ફોન નં. ૦૭૯ ૨૩૨ ૮૪૧૫૦, ફેકસ નં. ૦૭૦ ૨૩૨ ૨૧૪૧૯

અધિસૂચન

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૫ (વાવોલ-ઉવારસદ)

ક્રમાંક : ગાં.મ.ન.પા./ટા. પ્લા./૧૭૩૦૯/૨૦૨૫.-આથી લાગતા વળગતા તથા સંબંધકર્તા તમામને જણાવવામાં આવે છે કે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ- ૪૮ (૧) તળે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તા. ૨૮-૧૦-૨૦૨૩ ના રોજ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૫(વાવોલ-ઉવારસદ) મંજૂરી અર્થે રાજ્ય સરકારને સાદર કરવામાં આવેલ. જાહેરનામાં ક્રમાંક : GH/V/273 of 2025/UDUHD/TPS/e-file/18/2024/8299/L, તા. ૩૦-૦૭-૨૦૨૫ થી રાજ્ય સરકાર દ્વારા સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૫ (વાવોલ-ઉવારસદ) refuse કરવામાં આવેલ તથા તે જાહેરનામાની તારીખથી એક મહિનાની અંદરના સમયગાળામાં સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ- ૪૨(૧) તળે પ્રસિદ્ધ કરવા અને ત્યારબાદ વૈધાનિક પ્રક્રિયાનું પાલન કરવા માટે નિર્દેશ આપવામાં આવેલ છે.

આથી, ઉક્ત અનુસંધાને મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૫ (વાવોલ-ઉવારસદ)ની દરખાસ્તોથી અસર પામતા શખ્સોના વાંધા-સુચનો મેળવવા માટે અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૪૨(૧) પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૧) યોજનાની વિસ્તાર હદ તથા રેવન્યુ સર્વે નંબરો/બ્લોક નંબરો વિગેરે દર્શાવતો નકશો.(નકશા નં.-૧)

(૨) મુળખંડનીહદો, નંબરો તથા રેવન્યુ સર્વે નંબરો/બ્લોક નંબરો વિગેરે દર્શાવતો નકશો.(નકશાનં.-૨)

(૩) મુળખંડ તેમજ અંતિમખંડની હદ તથા રસ્તાઓ દર્શાવતો નકશો.(નક્ષા નં.-૩)

(૪) અંતિમખંડની હદ, રસ્તાઓ તથા સતામંડળને જાહેર હેતુ માટે ફાળવેલ અંતિમખંડોની હદો દર્શાવતો નકશો.(નકશા નં.-૪)

(૫) યોજનામાં સુચવેલ સવલતો દર્શાવતો નકશો.(નકશા નં.-૪/અ)

(૬) મુલ્યાંકન અન્વયે ધ્યાને લીધેલ વેચાણ દર્શાવતો નકશો.(નકશા નં.-૫)

(૭) યોજનાનો ટુંકો ઇતિહાસ અને ટુંકનોંધ.

(૮) ''એફ'' ફોર્મ [પુનઃ વહેંચણી તથા મુલ્યાંકન પત્રક.(નિયમ નં.૨૧ અને ૩૫)]

(૯) યોજનાની નાણાંકીય જોગવાઇઓ દર્શાવતુ પત્રક.(''જી'' ફોર્મ)

(૧૦) યોજનાઓના સુચિત કામોના અંદાજપત્રક.

(૧૧) મુળખંડ તેમજ અંતિમખંડની વિકસીત અને અવિકસીત કિંમતના અંદાજના દર દર્શાવતું પત્રક.

(૧૨) અનુક્રમ નં. ૧૧ માં જણાવેલ મુલ્યાંકન અંગે ધ્યાને લીધેલ જંત્રીના દર દર્શાવતુ પત્રક.

(૧૩) મુળખંડને અંતિમખંડ ફાળવતા કરવામાં આવેલ જમીનની કપાતની કપાતની ટકાવારી દર્શાવતું પત્રક.

(૧૪) બાંધકામ નિયંત્રણ અંગેના નિયમો.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમ-૧૯૭૯, નિયમ નં.૧૮(૨) અન્વયે ઉપરોક્ત અધિસુચન રાજ્ય સરકારના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયા તારીખથી એક મહિનાની અંદર સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તથી અસર પામતી/પામેલ કોઇપણ વ્યક્તિ આ યોજનાનાં સંબંધમાં લેખિત વાંધા અને/અથવા સુચનો ''ગાંધીનગર મહાનગરપાલિકા, ટાઉન પ્લાનિંગ શાખા, પંડિત દીનદયાલ ઉપાધ્યાય ભવન, ફાયર સ્ટેશન પાછળ,સેકટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૬'' ની કચેરીમાં લખી જણાવશે, તો તે લેખિત વાંધા/સુચનો ગાંધીનગર મહાનગરપાલિકા, સદરહું યોજનાનો મુસદ્દો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૪૮ હેઠળ રાજ્ય સરકારમાં મંજુરી અર્થે સાદર કરતાં પહેલા ગુણવત્તાના ધોરણે વિચારણામાં લેશે. સદરહુ સમયગાળા દરમિયાન મુસદ્દારૂપ નગર રચના યોજનાની નકલ કચેરી સમય દરમિયાન ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લીરહેશે. તેની નોંધ લેવા વિનંતી છે.

ક્રમાંક : ગાં.મ.ન.પા.ટા.પ્લા./૩૫(વાવોલ-ઉવારસદ)/૧૭૩૧૦/૨૦૨૫
તારીખ : ૦૫-૦૮-૨૦૨૫

સરનામું :
ગાંધીનગર મહાનગરપાલિકા
પંડિત દીનદયાલ ઉપાધ્યાય ભવન,
ફાયર સ્ટેશનની પાછળ, સેક્ટર-૧૭,
ગાંધીનગર- ૩૮૨૦૧૬.
ફોન નં. ૦૭૯-૨૩૨-૮૪૧૫૦, ફેક્સ નં. ૦૭૦-૨૩૨-૨૧૪૧૯

જે. એન. વાઘેલા IAS
મ્યુનિસિપલ કમિશ્નર
ગાંધીનગર મહાનગરપાલિકા
ગાંધીનગર

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.08.08 18:02:34 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot